ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અંતર્ગત “KNEE JOINT REPLACEMENT ” અને “HIP JOINT REPLACEMENT” ની સારવારનો સમાવેશ કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્ર:તસાખ/૧૦/૨૦૧૭/૬૨૨૦૪૮/અ-૧
સચિવાલય,ગાંધીનગર
તા. ૦૧/૧૧/૨૦૧૮

<u>વંચાણે લીધા:-</u>

**(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૨૪/૦૮/૨૦૧૫ ના ઠરાવ ક્ર. એમએજી/ ૧૦૨૦૦૩ /૨૭૧૨/ અ(પાર્ટફાઇલ)**

**(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૦૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્ર. એમએજી/૧૦૨૦૧૫/૬૦૧/અ-૧**

**(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૦૭/૦૭/૨૦૧૬ ના ઠરાવ ક્ર. એમએજી /૧૦૨૦૧૪ / ૪૬૫ ૦૬૯ /અ-૧**

**(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૩૦/૦૮/૨૦૧૬ ના ઠરાવ ક્ર.એમએજી/ ૧૦૨૦૧૫/૬૦૧/અ-૧**

<u>*આમુખ*</u>

હાલમાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓ માટે તબીબી સારવારના નિયમો ગુજરાત રાજય સેવા(તબીબી સારવાર)નિયમો, ૨૦૧૫ અમલમાં છે. ગુજરાત રાજયના કર્મચારીઓ/અધિકારીઓને આ નિયમો તથા તેમાં વખતોવખત થતાં સુધારાઓ મુજબ તબીબી સારવારનો ખર્ચ મળવાપાત્ર છે. આ નિયમોના નિયમ (૨.૧૦) હેઠળ તૈયાર કરેલ પરિશિષ્ટ-૫ અંતર્ગત કોષ્ટક- 'B' માં ઈમ્પ્લાન્ટસની યાદી તૈયાર કરેલ છે. જે અન્વયે "Knee Replacement" અને "Hip Replacement" માટે શરીરમાં નાખવાના ઈમ્પ્લાન્ટની રકમ નકકી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે પેન્શનર મંડળો અને અરજદારો તરફથી ઘણી રજૂઆતો સરકારશ્રીને મળેલ હતી. પુખ્ત વિચારણાના અંતે "Knee Replacement" અને "Hip Replacement"ની રકમ રીએમ્બર્સ કરવા માટે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

<u>*ઠરાવ*</u>

(૧) ગુજરાત સરકારના તમામ કર્મચારીઓ/ અધિકારીઓ / પેન્શનરોને એક ધુંટણ / થાપા માટે **રૂ. ૪૦,૦૦૦/-** અથવા દવાઓ અને ઇમ્પ્લાન્ટ મળીને થયેલ કુલ ખર્ચ બંનેમાંથી જે ઓછી હોય તેટલી રકમ મંજુર કરવાની રહેશે અને બંન્ને ધુંટણ / થાપા માટે **રૂ.૮૦,૦૦૦/-** અથવા દવાઓ અને ઇમ્પ્લાન્ટ મળીને થયેલ કુલ ખર્ચ બંનેમાંથી જે ઓછી હોય તેટલી રકમ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે. સરકારી / સરકારી સમકક્ષ / એમ્પેનલ્ડ હોસ્પિટલ અને અન્ય ખાનગી હોસ્પિટલ ખાતે મેળવેલ સારવારના કેસોમાં સંબંધિત જિલ્લાના આર.એમ.ઓ./ સિવિલ સર્જનએ પાસે એક ધુંટણ/ થાપા માટે **રૂ. ૪૦,૦૦૦/- (રૂપિયા ચાલીસ હજાર)** અને **બંને ધુંટણ / થાપા માટે રૂ. ૮૦,૦૦૦/- (રૂપિયા એંશી હજાર) અથવા દવાઓ અને ઇમ્પ્લાન્ટ મળીને થયેલ કુલ ખર્ચ બંનેમાંથી જે ઓછું હોય તેટલી રકમ** સામે ચકાસણી કરી પ્રતિસહી કરાવવાની રહેશે. ત્યાર બાદ ગુજરાત રાજય સેવા(તબીબી સારવાર)નિયમો, ૨૦૧૫ ના નિયમ (૧૧.૧) માં સોંપેલ નાણાકીય સત્તાઓ પ્રમાણે સક્ષમ અધિકારીએ મંજૂરી આપવાની રહેશે.

(૨) પેન્શનરોના કિસ્સામાં તા.૦૮-૦૩-૨૦૧૬ ના ઠરાવ મુજબ ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ ના નિયમ-(૧૧.૧)(બ.૨) ની જોગવાઈ મુજબ **"પેન્શનરના કિસ્સામાં"** સરકારી / સરકારી સમકક્ષ / એમ્પેનલ્ડ હોસ્પિટલ/ અન્ય ખાનગી હોસ્પિટલ ખાતે મેળવેલ "Knee Replacement" અને "Hip Replacement"ની સારવારના કેસોમાં સબંધિત જિલ્લા સિવિલ સર્જન / આર.એમ.ઓ.ની પ્રતિ સહીની ચકાસણી કરીને બિલ મંજૂર કરવાની તમામ સત્તા ઉપાડ અને વહેંચણી અધિકારી (તિજોરી અધિકારી) ની રહેશે. ઉપરાંત ખાનગી હોસ્પિટલમાં "Knee Replacement" અને "Hip Replacement" માટે મેળવેલ સારવાર માટે પણ સંબંધિત જિલ્લાના આર.એમ.ઓ./ સિવિલ સર્જનની પ્રતિ સહીની ચકાસણી કરી એક ઘુંટણ/ થાપા માટે **રૂ. ૪૦,૦૦૦/- (રૂપિયા ચાલીસ હજાર)** અથવા દવાઓ અને ઇમ્પ્લાન્ટ મળીને થયેલ કુલ ખર્ચ બંનેમાંથી જે ઓછું હોય તે અને બંન્ને ઘુંટણ / થાપા માટે **રૂ.૮૦,૦૦૦/-** અથવા દવાઓ અને ઇમ્પ્લાન્ટ મળીને થયેલ કુલ ખર્ચ બંનેમાંથી જે ઓછી હોય તેટલી રકમ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે.

(૩) આ ઠરાવ તા.૦૧-૦૪-૨૦૧૮ અને તે પછી મેળવેલ "Knee Replacement" અને "Hip Replacement" ની સારવારના તમામ કેસોમાં લાગુ પડશે.

આ હુકમો વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૧-૦૮-૨૦૧૮ ની મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે,

(આઇ.ડી.ચૌધરી)
ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગાંધીનગર

પ્રતિ,

-માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર(પત્ર દ્વારા)

-માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

-માન.મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સ્વર્ણિમ સંકુલ-૧,૨ સચિવાલય, ગાંધીનગર

-સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર

-અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

-અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

-અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

-કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન, બ્લોક નં.૫, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

-પ્રાદેશિક નાયબ નિયામકશ્રીઓ, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર.

-સર્વે કલેક્ટરશ્રીઓ/સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ/સર્વે જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ / સર્વે રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ

-સર્વે જિલ્લાના બધા અધિક્ષકશ્રીઓ તથા સિવિલ સર્જનો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રોના અધિક્ષકશ્રીઓ

-સર્વે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ

-મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જનશ્રીઓ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ, સુરત, વડોદરા, જામન
ગાંધીનગર, ભાવનગર

-સચિવાલયના વહીવટી વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ

-માહિતી કમિશ્નરશ્રી, ગાંધીનગર

-તબીબી કોલેજના ડીનશ્રીઓ, અમદાવાદ, સુરત, વડોદરા, જામનગર, ગાંધીનગર, રાજકોટ, ભાવનગર તથા ડેન્ટલ કોલે
અમદાવાદ

-નાણા સલાહકારશ્રી(આરોગ્ય), સચિવાલય, ગાંધીનગર

-ભાષા નિયામકશ્રી, ગાંધીનગર

-એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ

-હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

-પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

-નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

-સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ

-સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ (પત્ર દ્વારા)

-સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ (પત્ર દ્વારા)

-રજીસ્ટ્રાર, ગુજરાત હાઇકોર્ટ,અમદાવાદ(પત્ર દ્વારા)

-સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય (પત્ર દ્વારા)

-આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની સર્વે શાખાઓ

-નિવાસી આયુક્તશ્રી, ગુજરાત ભવન, ન્યુ દિલ્હી

-લાયઝન ઓફીસરશ્રી, લયઝન ઓફીસ, ગુજરાત સરકાર, ધનરાજ મહેલ, એપોલો બંદર, મુંબઇ-૪૦૦૦૩૯

-સિસ્ટમ મેનેજરશ્રી, ઠરાવ વિભાગની વેબસાઇટ પર મુકવા માટે.

-સિલેક્ટ ફાઇલ /-શાખા પસંદગી ફાઇલ